# ગુજરાતી ભાષામાં નોંધપાત્ર અને માતબર પ્રદાન કરી 'સવાઈ ગુજરાતી' થયેલા ફાધર વાલેસની વિદાય

ફાધર વાલેસ (પૂરું અને સાચું નામ કાર્લોસ જી. વાલેસ એસ જે)નું ફાધર હેરેડેરોએ આપેલી માહિતી પ્રમાણે ૮મી નવેમ્બર, ૨૦૨૦ના રોજ ભારતીય સમય પ્રમાણે રાત્રે બે વાગ્યે સ્પેનમાં અવસાન થયું.

હજી હમણાં ચોથી નવેમ્બરના રોજ તેમણે ૯૫ વર્ષ પૂરાં કરીને ૯૬મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. તેઓ થોડા સમય પહેલાં પડી ગયા હતા અને તેમને ઈજા થઈ હતી. ફાધર વાલેસ ગુજરાત અને ગુજરાતીઓને ખૂબ ચાહતા હતા તો ગુજરાતીઓ પણ તેમને હૃદયથી આદર આપતા હતા. તેમણે ૧૯૯૦માં માતાની સેવા કરવા ગુજરાત છોડ્યું હતું અને માદરે વતન મેડ્રિડ (સ્પેન)માં રહેતા હતા.

ફાધર વાલેસે પોતાનું 'નાઈન નાઈટ્સ ઈન ઈન્ડિયા' પુસ્તક કાકાસાહેબ કાલેલકરને અર્પણ કરતા લખ્યું છે કે, ઈન મેમરી ઓફ કાકા કાલેલકર, હૂ અન્ડરસ્ટૂડ મી. એટલે કે કાકા કાલેલકરને જેઓ મને સમજી શક્યા હતા.

શું સમજ્યા હતા ફાધર વાલેસ વિશે કાકાસાહેબ કાલેલકર ?

એ જાણવા આપણે અમદાવાદના કવિવર ઉમાશંકર જોશીના નિવાસસ્થાન 'સેતુ'માં જવું પડશે. ઉમાશંકર જોશી અને કાકા કાલેલકર પરસાળમાં બેસીને વાતો કરતા હતા. એ વખતે ફાધર વાલેસ પણ ત્યાં ગયા. વાતચીતમાં કાકાસાહેબ કાલેલકરે તેમને કહ્યું હતું કે, લોકો મને અને તમને બંનેને સવાઈ ગુજરાતી તરીકે ઓળખે છે, પરંતુ તમે મારા કરતાં ચડિયાતા છો. મારી માતૃભાષા તો મરાઠી, તે ગુજરાતી ભાષાની ભગિની ભાષા, જ્યારે તમે તો સ્પેનના. તમારી ભાષાને ગુજરાતી ભાષા સાથે કોઈ સંબંધ ન હોવા છતા તમે આ ભાષાને આત્મસાત કરીને અને તેનું ગૌરવ વધાર્યું.

એકસોથી વધારે પુસ્તકો લખનારા ફાધર વાલેસે ખરેખર ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું હતું. કોઈ વિદેશી વ્યક્તિ ગુજરાતીને આટલા ઊંડાણથી આત્મસાત કરી શકે તે નવાઈ લાગે તેવી વાત છે. જો પન્નાલાલ પટેલને ગુજરાતી સાહિત્યનો ચમત્કાર કહેવાતા હોય તો ફાધર વાલેસને પણ, જરા જુદી રીતે, ગુજરાતી ભાષા-સાહિત્યના ચમત્કાર જ ગણવા પડે.

તેમનો જન્મ સ્પેનના લોગ્રોનોમાં ચોથી નવેમ્બર, ૧૯૨૫ના રોજ થયો હતો. મૂળ નામ વાલેસ કાલોસ જોસેફ. માતાનું નામ મારિયા અને પિતાનું નામ જોસેફ. ૧૯૪૧માં તેમણે એસએસસી કર્યું. ૧૯૪૫માં ગ્રીક વિષય સાથે બી.એ. થયા અને ૧૯૪૯માં તત્વજ્ઞાન વિષય સાથે બીજી વખત સ્નાતક થયા. ૧૯૫૩માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી તેમણે ગણિતશાસ્ત્ર વિષયમાં એમ.એ.નો અભ્યાસ કર્યો હતો.

તેમની વય દસ વર્ષની હતી ત્યારે તેમના પિતાનું અવસાન થયું હતું. સ્પેનિસ આંતરવિગ્રહને કારણે તેમનું ઘર છૂટી ગયું અને ચર્ચમાં તેઓ શરણાર્થી તરીકે રહ્યા હતા. માત્ર ૧૫ વર્ષની વયે તેમણે દીક્ષા લીધી હતી.



૧૯૪૯માં તેમને ચેન્નાઈ (એ વખતનું મદ્રાસ) મોકલવામાં આવ્યા. અહીં તેમણે ગણિતશાસ્ત્ર વિષયમાં એમ.એ. કર્યું. ૧૯૬૦માં તેમને ગુજરાત, અમદાવાદ મોકલવામાં આવ્યા. જે દિવસે ગુજરાત પ્રદેશ મુંબઈ રાજ્યમાંથી છૂટો થયો એ જ દિવસે એટલે કે પહેલી મે, ૧૯૬૦ના રોજ મુંબઈથી ટ્રેનમાં બેસીને, સોરી જગ્યા નહોતી મળી તેથી ઊભા ઊભા તેઓ અમદાવાદ આવ્યા હતા. જાણે કે, નિયતિનો સંકેત હતો કે ગુજરાત રાજ્યની સ્થાપના થઈ રહી છે અને ગુજરાતી ભાષા-સાહિત્યને સમૃદ્ધ કરવા માટે એક માણસ એ જ દિવસે ગુજરાતમાં આવે છે.

ફાધર વાલેસ ૧૯૬૦થી ૧૯૮૨ સુધી સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગણિતશાસ્ત્રના અધ્યાપક હતા. તેમણે ગુજરાતી ભાષા-સાહિત્યમાં જેટલું પ્રદાન કર્યું છે તેટલું પ્રદાન ગણિત વિષયમાં પણ કર્યું છે તેની બહુ ઓછા લોકોને ખબર છે. ગુજરાતી ભાષામાં તો તેમણે પોતાની આગવી, સરળ, સહજ અને કોઈ પણ વ્યક્તિને તરત જ સમજાઈ જાય તેવી ગદ્યશૈલીમાં ખૂબ લખ્યું અને લાખો ગુજરાતીઓના હૃદયમાં તેઓ સ્થાન પામ્યા, પરંતુ ગણિતમાં પણ તેમણે માતબર પ્રદાન કર્યું. પ્ર.ચુ. વૈદ્યના નેજા હેઠળ ગુજરાતમાં નવું ગણિત આવ્યું તેમાં નવા ગણિતની ગુજરાતીમાં નવી પરિભાષાઓ અને નવા શબ્દોનું સર્જન તેમણે કરેલું.

તેમનું પ્રથમ પુસ્તક આવ્યું, સદાચાર ૧૯૬૧ પછીના કોઈ વર્ષમાં. (ચોક્કસ વર્ષ જાણવા મળતું નથી.) ફાધરે ઘરેથી પૈસા મંગાવીને આ પુસ્તક છપાવ્યું હતું કારણ કે, કોઈ પ્રકાશકને આ પુસ્તકમાં રસ જ નહોતો પડ્યો. એક પ્રકાશકે તો 'સદાચાર' શિર્ષક વાંચીને જ અણગમાથી પુસ્તકને બાજુ પર મૂકી દીધું હતું. એ પછી તો ગુર્જરે તેનું પુનઃ પ્રકાશન કર્યું હતું.

ગુજરાત સમાચાર અખબારમાં કોલમમાં તેમની 'નવી પેઢીને' નામની કોલમ ખૂબ જ લોકપ્રિય થઈ હતી. મૂલ્યનિષ્ઠા સાથેની વાત કરીને યુવાનોને આકર્ષવાના હોય તે લોઢાના ચણા ચાવવા જેવું છે. જોકે ફાધર વાલેસ તેમાં જબરજસ્ત સફળ થયેલા. તેમની કોલમ નવી પેઢીમાં ખૂબ વંચાતી. એ વખતે એવું કહેવાતું કે ગુજરાતના યુવાનોને બે ફાધર છે. એક બાયોલોજીકલ અને બીજા વૈચારિક ફાધર તે ફાધર વાલેસ. આ હદે તેમણે ગુજરાતના યુવાનોના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું. સ્વસ્તિક એડ એજન્સીના માલિક અજયભાઈ કાપડિયાએ એક વખત કહ્યું હતું કે, એ વખતે બજારમાં નવાં નવાં જીન્સનાં પેન્ટ આવેલા. તેની જાહેરખબર ફાધર વાલેસની કોલમની બાજુમાં જ છપાય તેવો આગ્રહ રખાતો. આવી હતી યુવાનોમાં ફાધર વાલેસની લોકપ્રિયતા.

રઘુવીર ચૌધરી કહે છે, ફાધર વાલેસ કાકાસાહેબના કુળના જીવન ચિંતક છે. કાકાસાહેબની જેમ એ કવિ નથી, પણ નવ રસની પણ ઉપર જેને સ્થાન મળી શકે એ વાત્સલ્ય એમને સહજ છે. રસિકતાની ઉણપ આ અસીમ વાત્સલ્યથી પૂરાય છે.

ફાધર વાલેસ ગુજરાતી ભાષા એટલી સરસ રીતે શીખ્યા કે એમાં એકરૂપ થઈ ગયા. શરૂઆતનાં વર્ષોમાં વલ્લભ વિદ્યાનગર હોસ્ટેલમાં રહ્યા ત્યારે વિદ્યાર્થીઓને સાંભળી સાંભળીને ગુજરાતી ભાષા શીખતા ગયા. એ પછી તો ગુજરાતી ભાષામાં માહેર થયા. તેમણે પોતે એક સાદી છતાં અસરકારક ગદ્યશૈલીનું સર્જન કર્યું. ટૂંકાં ટૂંકાં વાક્યો અને સહજ અભિવ્યક્તિ. વાચકોને તેમની શૈલી, તેમના વિચારો, તેમનું જીવન દર્શન ખૂબ ગમ્યું. જોતજોતામાં તેઓ આખા ગુજરાતમાં લોકપ્રિય થઈ ગયા. સદાચાર પછી, જીવન જીવતાં, સાધકની આંતરકથા, શબ્દયોગ, લગ્નસાગર, પરદેશ, મૃગયર્યાના લાભ, સમાજ ઘડતર, આત્મિય ક્ષણો, જીવનનું વળતર, ઘરના પ્રશ્નો, તરૂણાશ્રમ, ગાંધીજી અને નવી પેઢી, જીવન ઘડતરના ધ્યેયથી, સમાજમંગલ, કુટુંબ મંગલ, એમ તેમણે સતત લેખન કર્યું. ગુજરાતી ઉપરાંત અંગ્રેજી ભાષામાં પણ તેમણે લખ્યું છે. તેમને ગુજરાતી ભાષામાં કરેલા ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જન માટે ૧૯૬૬માં કુમારચંદ્રક અને ૧૯૭૮માં રણજિતરામચંદ્રક મળ્યો હતો. આ ઉપરાંત તેમને ૧૯૯૫માં કાલેલકર એવોર્ડથી પણ વિભૂષિત કરવામાં આવ્યા હતા.

તેઓ ધર્મે ખ્રિસ્તી હતા, પરંતુ વાણી અને વિચારમાં નરસિંહ મહેતાએ જેવી કલ્પના કરી છે તેવા સાચા વૈષ્ણવજન હતા. તેમણે ગુજરાતી ભાષા અને સાહિત્યને ખૂબ જ પ્રેમથી આત્મસાત કર્યાં હતા. મૃદુભાષી. એટલું મીઠું ગુજરાતી બોલે કે લોકોને વારંવાર સાંભળવાનું મન થાય. તેમની જીભ ઉપર સ્થાન પામીને ગુજરાતી ભાષા પણ ધન્યતા અનુભવે એવું આપણે કહી શકીએ. એમાંય દિલથી... એ તેમનો તકિયા કલામ. દિલથી શબ્દ બોલે ત્યારે જાણે કે તેમનું આખું હૃદય આપણને ખોબામાં ધરી દેતા હોય તેવી અનુભૂતિ થાય.

એક જગ્યાએ તેમણે લખ્યું છે, હું સવારે વિદ્યાર્થીઓના ટોળામાંથી પસાર થઈને વર્ગમાં જાઉં છું ત્યારે બધાના ચહેરા ઉપર જુદા જુદા ભાવ અંકાયેલા દેખું છું. જાણું છું કે એકને ઘેર દુઃખ છે, બીજાને અભ્યાસની ભારે ચિંતા છે, ત્રીજાને આર્થિક મુશ્કેલીઓ છે. અને મારા હોઠ ઉપર હું સ્મિત લાવું (કોઈ વખત એ માટે સભાન પ્રયત્ન કરવો પડે તો પણ), મનમાં ને મનમાં ભગવાનને યાદ કરીને તેના દિવ્ય પ્રેમનો પડઘો પાડવા પ્રયત્ન કરું, ત્યારે એ વિદ્યાર્થીઓના ચહેરા ઉપર પણ આપોઆપ સ્મિત ખીલતાં જોઉં છું. એકને આશ્વાસનની એક-બે વાતો કરી એટલે એનું દુઃખ કંઈક ઓછું થયું, બીજાને ઉત્તેજન આપ્યું એટલે એનું મન પ્રફુલ્લિત થઈ ગયું. ત્રીજાને પ્રેમથી ચેતવણી આપી એટલે એ સમજીને સામો આભાર માનીને ફરીથી એવી ભૂલ ન કરવાનો દિલનો નિર્ણય એણે બતાવ્યો.

એ દિવસોમાં તેમણે આખા ગુજરાતને તેમણે પોતાનું કરી લીધું હતું. તેઓ વ્યાખ્યાનો પણ આપતા. ધીમે ધીમે બોલતા અને શ્રોતાઓના હૃદય સુધી ભાવને પહોંચાડતા. તેમને સાંભળવા આખું ગુજરાત આતુર રહેતું. તેમનું સાદુ જીવન હતું. સાયકલ ઉપર ફરતા. અમદાવાદ શહેરે ફાધર વાલેસ ઉપરાંત, બચુભાઈ રાવત, કે.કા. શાસ્ત્રી, પ્ર.ચુ. વૈદ્ય, મહેન્દ્ર મેઘાણી, દશરથભાઈ શાહ, નગીનદાસ પારેખ વગેરેને સાયકલ પર જૈફવય સુધી ફરતા જોયા છે. એ રળિયામણાં દ્રશ્યો યાદ કરીને આજે પણ અમદાવાદ શહેર હરખાતું હશે.

ગુજરાત તો મારું બીજું ઘર છે એવું કહેતા ફાધર વાલેસને ગુજરાત ખૂબ ગમતું. તેઓ કહેતા કે હું જ્યારે જ્યારે ગુજરાત આવું છું ત્યારે ત્યારે મારા ઘરે આવ્યો હોવ તેવી અનુભૂતિ કરું છું. ઉંમરલાયક થયેલાં માતાની સેવાચાકરી કરવા માટે ફાધર વાલેસે ગુજરાત છોડેલું અને માદરે વતન ગયેલા. જે ઉંમરે તેમને સેવાચાકરીની જરૂર હતી તે ઉંમરે તેમણે માતાની સેવાચાકરી કરેલી.

ધર્મ વિશેની તેમની સમજણ ખૂબ જ વ્યાપક અને ઉદાર હતી. તેમના વિચારોમાં કોઈ પણ પ્રકારનું બંધિયાણપણું કે સંકુચિતતા દેખાતી નહોતી. તેમને સર્વધર્મોમાં આંતરરાષ્ટ્રીય સંવાદિતા પ્રસ્થાપિત કરવા માટે ૧૯૯૭માં રાધાકૃષ્ણ એવોર્ડ એનાયત કરાયો હતો.

ફાધર વાલેસ માત્ર લેખક નહોતા, તેઓ સાચુકલા પાદરી હતા, સાચુકલા સંત હતા. તેમણે ગુજરાત પ્રદેશ અને ગુજરાતી ભાષા સંસ્કૃતિને ખૂબ ચાહ્યાં અને તેઓ સવાઈ ગુજરાતી બની ગયા.

ગુજરાત કાયમ માટે ફાધર વાલેસનું ઋણી રહેશે.

આવનારી પેઢીઓ તેમના કાર્યથી પરિચિત થાય તે માટે ગુજરાત તેમની સ્મૃતિમાં કાયમી, તેમના નામ અને કાર્યને શોભે એવું સ્મારક કરે તો કેવું સારું ?

**આલેખન : રમેશ તન્ના, મો. ૯૮૨૪૦૩૪૪૭૫**

# શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોને સુયશ

ગાંધીનગર, તા. ૯

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોને ગૌરવ પ્રાપ્ત થયો છે ગુજરાત રાજય રાષ્ટ્રીય સેવા યોજનાના ક્ષેત્રિય કાર્યાલય અને ગુજરાત રાજય રાષ્ટ્રીય સેવા યોજના સેલ દ્વારા આયોજિત રાજય કક્ષાની પસંદગી સ્પર્ધામાં શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના બે સ્વય





સેવકોએ શ્રી ગૌરવ બાલ્યાન તથા જીનાલી મોતાંની પસંદગી થઈ છે જે આવતા દિવસોમાં આંધ્રપ્રદેશ રાજ્યના હૈદરાબાદમાં થવાની ૧૦ દિવસની તાલીમમાં ભાગ લેશે અને તેમની પસંદગી આગડ દિલ્લીની ગણતંત્ર દિવસ માટેની પરેડ માટે થશે ખુબજ ગૌરવની વાત છે કે ગયા વર્ષે પણ ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવક હસ્તી વેગડની પસંદગી દિલ્લીની ગણતંત્ર દિવસ માટેની પરેડ માટે થઈ હતી.

તેમને રાષ્ટ્રીય સેવા યોજનાના પરેડ દલમાં પ્રથમ લાઈનમાં પરેડ કરવાનું ગૌરવ અને તક પ્રાપ્ત થઈ હતી શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાના સ્વયં સેવકોએ દર વર્ષે એવી ઉપલબ્ધિ પ્રાપ્ત કરે છે અને આનાથી પેહલા પણ સ્વયં સેવક રાજૂ ભૂતિયાની પસંદગી પણ દિલ્લીની ગણતંત્ર દિવસ માટેની પરેડ માટે થઈ હતી હાલમાં સ્વય સેવકોએ ગૌરવ બાલ્યાન તથા જીનાલી મોતાંની પસંદગી થવા પર ગૂજરાત વિધાપીઠના કુલનાયકશ્રી ડો. અનામિકભાઈ શાહ અને કા. કુલસચિવ ડો. ભરતભાઈ જોશી, નિયામક ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી, રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડો. અરુણભાઈ ગાંધી, શારીરિક શિક્ષણ વિભાગ સાદરાના ડીન ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટે તેમને અભિનંદન આપ્યું છે અને તેમની પસંદગી દિલ્લીની ગણતંત્ર દિવસ માટેની પરેડ માટે થાય એવી શુભેચ્છા આપી છે



ભારતીય સંસ્કૃતિમાં ભગવાન શ્રી રામ અને યોગેશ્વર શ્રીકૃષ્ણ એ બે મહાન મહાપુરુષોનું મહત્વ રહ્યું છે તેમાંથી માનવજીવનને નવી ચેતના, નવા વિચારો અને ચિંતન મળી રહે છે એમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ડિજિટલ પ્લેટફોમના માધ્યમથી એક વેબિનારમાં જણાવ્યું હતુ. ભારતીય શિક્ષા મંડળ હરિયાણાના ઉપક્રમે દિન બંધુ છોટું રામ વિજ્ઞાન પ્રાદ્યોગિક વિશ્વ વિદ્યાલય સોનીપત, હરિયાણાના સહયોગથી યોજોયેલાં ''ભગવાન રામ લોકચેતના કે જનનાયક સાંસ્કૃતિક ઔર સાહિત્ય'' વિષય પરના ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલનના સમાપન સત્રના મુખ્ય અતિથિપદેથી રાજયપાલએ વેબિનારથી સંબોધન કર્યું હતું.

# આવો કવિતાને 'અનલોક કરીએ' કવિ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૯

જસદણ ખાતે ડુંગરપુર હનુમાનજી જગ્યાના મહંત હરિહરાનંદ ગીરીજી દ્વારા 'આવો કવિતાને અનલોક કરીએ 'કવિ સંમેલનનું આયોજન



કરવામાં આવ્યું હતું. કવિ સંમેલનમાં અમદાવાદના યુવા કવિઓ મનીષ પાઠક'શ્વેત', અનિલ ચાવડા, જયંત ડાંગોદરા અને હરદ્વાર ગોસ્વામીએ સ્વરચિત કવિતાનો પાઠ કરીને કવિતાને જાહેરમાં અનલોક કરી.આ કાર્યક્રમને માણવા જસદણ દરબાર સત્યજિતકુમાર ખાચર,જજ પવનકુમાર નવીન તથા કવિતાના ભાવકો અને ચાહકો ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આઈ.જી. ઝાલાએ કર્યું હતું.

●●●

રોજના કંકાસથી ત્રાસી ગયો છે,
ઊંઘ સારી લાવવા કાશી ગયો છે.
પાનની પિચકારી એવું ચીતરી ગઈ,
ભીંત પર ભગવાનની દેરી કરી ગઈ.

- મનીષ પાઠક 'શ્વેત'

●●●

ઘરબાર છોડીને કહ્યું'તું આવવાનું ? બોલ તો ?
ને હાથ બાળીને કહ્યું'તું તાપવાનું ? બોલ તો ?
આ ગામ આખું રોજ પૂછે છે મને કે તું જ છો?
આવો તને ફોટો કહ્યું'તું પાડવાનું ? બોલ તો ?

- જયંત ડાંગોદરા

●●●

જિંદગીની કૈંક કપરી ભીંસમાંથી નીકળી છે;
મારી ગઝલો નહિ પડેલી ચીસમાંથી નીકળી છે.
મારી સાથેસાથે એને ઘર સુધી નહિ આવવા દઉં;
એક ઉદાસી જે અહીં ઓફિસમાંથી નીકળી છે.

- અનિલ ચાવડા

●●●

એક જ ઘા ને કટકા છે ત્રણ.
સમજણ માટે ગુજરાતી ભણ.
એરણ તો અકબંધ જ રહેશે,
તૂટી જાશે એક દિવસ ઘણ.

-હરદ્વાર ગોસ્વામી

# શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઇન આરતી ડેકોરેશન સ્પર્ધા યોજાઇ



ગાંધીનગર, તા.૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા તારીખ ૦૩-૧૧-૨૦૨૦ ને મંગળવારના રોજ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે દિવાળી પર્વની ઉજવણીના ભાગરૂપે ઓનલાઈન આરતી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના ૨૪ જેટલા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ રંગો અને વિવિધ રંગબેરંગી ફૂલોનો ઉપયોગ કરી આરતીની થાળીમાં ઉપર સુંદર ડિઝાઈન અને વિવિધ કલાકૃતિઓ બનાવી હતી. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓના વાલીશ્રીઓએ સકારાત્મક પ્રતિભાવો આપી વિદ્યાર્થીઓને સહયોગ આપ્યો હતો. અને શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયાસને વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરાવનાર ગણાવ્યો હતો. શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શાળાના આચાર્ય શ્રીમતી નીલાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તથા પ્રવૃત્તિમાં રસ લઈ બાળકોને સહયોગ આપનાર વાલીશ્રીઓનો આભાર વ્યક્ત કરી દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.

## જન્મદિને વધામણી




મિત
બિપીનકુમાર સોલંકી
મો. ૯૪૨૬૨ ૭૨૦૯૯



અર્પીત પરેજિયા
મો. ૬૩૫૫૪ ૪૫૫૨૭



નોવા
પરિમલ શ્રીમાળી



આલીયા
પરિમલ શ્રીમાળી



નક્ષ રમેશભાઈ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન અને ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટ દ્વારા પ્રેરક અભિયાન

## દિવાળી પર્વ નિમિત્તે ચોટીલા ખાતે વાલ્મીકિ સમાજનાં 'કોરોના વોરિયર' સફાઈ કામદાર ભાઈઓ-બહેનોનાં જરૂરિયાતમંદ પરિવારોને કીટ વિતરણ

ગાંધીનગર, તા. ૯

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ મેઘાણીજ૧૨૫ અંતર્ગત' દિવાળીના પાવન પર્વ નિમિત્તે' એમની જન્મભૂમિ ચોટીલા ખાતે વાલ્મીકિ સમાજનાં કોરોના વોરિયર સફાઈ કામદાર ભાઈઓ-બહેનોનાં જરૂરિયાતમંદ પરિવારોને ચોખા, તેલ, ચા, ખાંડ, બેસનની કીટનું વિતરણ ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન અને શ્રી ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં નિષ્ઠાથી ફરજ બજાવતાં પોતાનો જીવ ગુમાવીને શહીદ થનાર વાલ્મીકિ સમાજનાં સફાઈ કામદાર ભાઈઓ-બહેનોને પણ ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



ઝવેરચંદ મેઘાણીના પૌત્ર, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક અને મેઘાણીજ૧૨૫ના પ્રણેતા પિનાકી નાનકભાઈ મેઘાણી, શ્રી ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટના જગદીશગિરિબાપુ ગોસાઈ (ડુંગર પરિવાર), કિરીટસિંહ રહેવર (મામા) અને મહિપતસિંહ વાઘેલા, શિક્ષણ-જગતમાંથી ઉગ્રસેનસિંહ ગોહિલ અને ભરતસિંહ ડાભી, ચોટીલા નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર સજુભાઈ ઝાલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. વાલ્મીકિ સમાજનાં ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના વિપુલ સર્જનની વિશેષ ધ્યાન ખેંચતી બાબત છે દેશભક્તિના કસુંબલ રંગે રંગાયેલી ને પીડિતોની વેદનાને વાચા આપતી એમની કવિતા. ઝવેરચંદ મેઘાણી કૃત સૌરાષ્ટ્રની રસધારમાં પણ વંચિત સમાજનાં શૌર્ય, શીલ અને સ્વાર્પણની અનેક ગૌરવગાથાઓ આલેખાયેલી છે. માણસ માત્રને ઝવેરચંદ મેઘાણી એક સમાન ગણતા. ધર્મ, જ્ઞાતિ કે અન્ય કોઈપણ ભેદભાવ રાખ્યા વગર સહુ તરફ પ્રેમ અને સમભાવ રાખતા. ૧૯૧૭માં ભાવનગરની શામળદાસ કૉલેજમાં અભ્યાસ દરમિયાન વંચિત સમાજની છાત્રાલયની મુલાકાતે ગયા ત્યારે ત્યાંનાં બાળકને હાથે પાન પ્રેમથી સ્વીકારીને ખાધુ. કોલેજ અને હોસ્ટેલમાં ગણગણાટ શરૂ થઈ ગયો. તેમનો સામાજિક બહિષ્કાર પણ થયેલો જે તેમને હસતે મોઢે સ્વીકારેલો.